અમદાવાદ શહેર આચાર્ય સંઘના ઉપપ્રમુખ પદે કાર્તિક પટેલની વરણી

ગાંધીનગર, તા. ૧૭

અમદાવાદ શહેર આચાર્ય સંઘની એક બેઠક તાજેતરમાં અમદાવાદ મુકામે યોજાઈ હતી. જેમાં સને ૨૦૧૩ અને ૨૦૧૪ એમ બે વર્ષ માટે ઉપપ્રમુખ પદે ગાંધીનગર મહાનગરપાલિકાના કાઉન્સીલર ભાજપના અગ્રણી કાર્તિક પટેલની વરણી કરવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં રહેતા અને અમદાવાદ સ્થિત બી.આર. પટેલ નૂતન ફેલોશિપ હાઈસ્કૂલ આશ્રમ રોડ અમદાવાદ ખાતે આચાર્ય તરીકે ફરજ બજાવી રહેલા કાર્તિક પટેલની અમદાવાદ શહેર

આચાર્ય સંગના ઉપપ્રમુક પદે બે વર્ષ માટે નિયુક્તી કરવામાં આવી છે. કાર્તિક પટેલ ગાંધીનગર શહેર ભારતીય જનતા પાર્ટીના પૂર્વ પ્રમુખ તેમજ હાલ ગાંધીનગર મહાનગર પાલિકામાં વોર્ડ-૯ના કાઉન્સીલર તરીકે ઉમદા સેવાઓ આપી રહ્યા છે. ઉપરાંત તેઓ ગાંધીનગરની વિવિધ સેવાકીય અને સાંસ્કૃતિક, સ્વૈચ્છીક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે.

અમદાવાદ શહેર આચાર્ય સંઘના ઉપપ્રમુખ પદે કાર્તિકભાઈની વરણી થતા તેમના પરિવારજનો અને સ્નેહીજનોએ અભિનંદન પાઠવ્યા હતા.

ગ-૫ સર્કલેથી અકસ્માતગ્રસ્ત સ્પોર્ટસ બાઈક કોઈ ઉઠાવી ગયું

રાત્રે દોઢ વાગે ઈજાગ્રસ્ત બાઈકસવારો હોસ્પિટલમાં દાખલ થયા ને સવારે ૬ વાગ્યા સુધીમાં બાઈક ચોરાઈ ગયું

ગાંધીનગર, તા. ૧૭

વેલેન્ટાઈન ડે ની રાત્રીના અરસામાં શહેરના ગ-૫ સર્કલ પાસે વેગનઆર કાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. સ્પોર્ટસ બાઈક સાથે સર્જાયેલા અકસ્માતમાં બાઈકને થોડુ નુકશાન થયું હતું. ઈજાગ્રસ્ત બાઈકસવાર બન્ને યુવાનો હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ થયા ત્યાર બાદ રાત્રે દોઢથી સવારના ૬ વાગ્યા સુધીના સમયગાળામાં કોઈ શખ્સો અકસ્માતગ્રસ્ત બાઈક પણ ઉઠાવીને ફરાર થઈ ગયા હોવાનો કિસ્સો બનવા પામ્યો છે. અકસ્માત થયેલું બાઈક પોલીસે કબ્જે કર્યું હશે અથવા આસપાસના કોઈ રહેવાસીઓએ નડતરરૂપ ન બને તે માટે બાઈક સાચવીને બીજે ક્યાંક મુક્યું હશે તેમ માનીને બે દિવસ તો બાઈક શોધવાનો પ્રયત્ન પણ નહતો કરવામાં આવ્યો પરંતુ ત્યારબાદ બાઈકની શોધખોળ કરવા છતાંય મળી ન આવતા ચોરાઈ ગયું હોવાની પોલીસ ફરીયાદ નોંધાવી છે.

ગાંધીનગર શહેરના સે. ૨૫ સૂર્યનારાયણ સોસાયટીમાં રહેતા શ્યામભાઈ લવજીભાઈ ચૌહાણ ૧૪મી ફેબ્રુઆરીની રાત્રે સે. ૨૧માં લગ્ન પ્રસંગે હાજરી આપવા ગયા હતા. સમારંભ પુરો થવા આવ્યો ત્યારે શ્યામજીભાઈનું એફ.ઝેડ સ્પોર્ટસ બાઈક તેમનો ભત્રીજો હાર્દિક ચૌધરી અને તેનો મિત્ર બન્ને લઈને ઘરે જવા નિકળ્યા હતા. ગ-૫ સર્કલ પાસે રાત્રે દોઢ વાગે તેમના બાઈકને વેગનઆર કારના ચાલકે ટક્કર મારતાં બન્ને બાઈક સવારો ઈજાગ્રસ્ત થયા હતા. જેથી સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ દાખલ કરવામાં આવ્યા હતા. આ અકસ્માતની જાણ શ્યામજીભાઈને થતા તેઓ બનાવ સ્થળે પહોંચ્યા ત્યારે બાઈક ત્યાં પડ્યું હતું ત્યાર બાદ તેઓ હોસ્પિટલ તેમના ભત્રીજાની ખબર પુછવા ગયા હતા. સવારે ૬ વાગે તેઓ પરત ફર્યા ત્યાં સુધીમાં કોઈ શખ્સો અકસ્માતગ્રસ્ત બાઈક (કિ.રૂ. ૬૦ હજાર)ની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. ત્રણેક દિવસ કરેલી શોધખોળ બાદ પણ બાઈકનો પત્તો ન મળતાં તેમણે સે. ૨૧ પોલીસમથકે બાઈક ચોરીની ફરીયાદ નોંધાવી છે.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ચિલોડા મોટા ખાતે રામચરિત માનસ કથાનું આયોજન : રામચંદ્ર તથા જાનકીનો વિવાહ પ્રસંગ યોજાયો

ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારમાં ચિલોડા મોટા ચોકમાં એક સપ્તાહથી રામ ચરિત માનસની કથાનું ભવ્ય આયોજન થયું છે. જેમાં વ્યાસપીઠ પર કથાકાર તરીકે રિદ્રોલ ગામના ગોપાલકૃષ્ણ મહારાજ પોતાની વાણીમાં રામકથાનું રસપાન કરાવી રહ્યા છે. આ કથામાં રામચંદ્ર તથા સીતાજીના વિવાહનો પ્રસંગની સપાત્ર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ગામની નાની દિકરીઓએ રામચંદ્ર તથા જાનકીનું પાત્ર ભજવતાં ભાવિક ભકતજનો ધાર્મિક ભાવનાથી કથામાં સહયોગી બનતાં પ્રસંગ ઉજવાયો હતો. જયારે ગામના ધાર્મિક ભકતજનોએ દાન-દક્ષિણા આપી ધાર્મિક શ્રધ્ધા વ્યકત કરી હતી.

બનાસકાંઠા પોલીસે ફરીયાદ લેવામાં ધક્કે ચઢાવતા પરિણીતા ગાંધીનગર આવી પહોંચી

મહિલા સંબંધિત ગુનાઓની તપાસમાં સંવેદનશીલતા દાખવી તપાસ કરવા સંદર્ભના ગાંધીનગર રેન્જ આઈજીના કાર્યક્રમને ટીવીમાં દેખીને સાસરીયાઓથી ત્રસ્ત મહિલા સે. ૭ પોલીસ પાસે પહોંચી : સાંત્વના આપીને ફરીયાદ લેવાતા પોલીસ પરથી વિશ્વાસ ગુમાવી ચુકેલી પરિણીતામાં ગાંધીનગર પોલીસે પુનઃ વિશ્વાસ કર્યો

ગાંધીનગર, તા. ૧૭

હનાસકાંઠાના થરા તાલુકા વિસ્તારની ૨૨ વર્ષિય પરિણીતાને લગ્ન કર્યાને દોઢ જ વર્ષમાં સાસરીયાઓનો ત્રાસ સહન કરવાનો વારો આવી ગયો હતો. પતિ સહિત સાસરીયાઓ ગાળાગાળી કરીને મારઝુડ કરી અવારનવાર ત્રાસ આપતા હોવાની ફરીયાદ નોંધાવા ગયેલી પરિણીતાને ત્યાંથી પોલીસે બિલકુલ ન સાંભળતા બનાસકાંઠાથી ગાંધીનગર આવી પહોંચી હતી. ગાંધીનગર રેન્જ આઈ.જી.ના તાજેતરમાં યોજાયેલા સેન્સેટાઈઝેસનના કાર્યક્રમને ટીવીમાં દેખીને તે પરિણીતાને લાગ્યું કે ગાંધીનગર પોલીસ મહિલાઓના ગુનાઓને મામલે સંવેદનશીલ છે જેથી તેણી ગાંધીનગર આવી પહોંચી હતી. જો કે તેણીએ ધાર્યુ તે મુજબ ગાંધીનગર પોલીસે તેણીને સાંત્વના આપીને ફરીયાદ લઈ થરા પોલીસને શુન્ય નંબરની મોકલી આપી છે. થરા પોલીસ સ્ટેશનના ધક્કા ખાઈને નાસીપાસ થઈ ગયેલી પરિણીતાને ગાંધીનગર પોલીસે સાંભળતા તેને પોલીસ પર ફરીવાર વિશ્વાસ બેઠો હોય તેમ તેના ચહેરા પરથી જણાઈ આવતું હતું. ગાંધીનગરના સે. ૭ પોલીસમથકના જમાદારે પરિણીતાને ઘરે બનાસકાંઠા પોલીસ રક્ષણ સાથે મુકી જવાની તૈયારી બતાવતા ડરની મારી પરિણીતાએ ઘરે જવાની ચોખ્ખી ના પાડી દીધી હતી. સાસરીયાથી તે હદે તેણી ભયભીત હતી અંતે પોલીસે તેણીને નારી સંરક્ષણ ગૃહમાં મોકલી જરૂરી કાર્યવાહી કરી હતી.

બાબત એવી હતી કે બનાસકાંઠાના થરા તાલુકામાં આવેલા વડા ગામની ૨૨ વર્ષિય પરિણીતા જયાબેન વેલજીભાઈ પરમારના લગ્ન દોઢ વર્ષ પહેલા થયા હતા. પતિ વેલજીભાઈને જયા ગામતી ન હોવાથી પતિ ઉપરાંત સાસુ જડીબેન, સસરા કમશીભાઈ અને જેઠ વાઘાભાઈએ જયાબેન પર ત્રાસ ગુજારવાનું શરૂ કરી દીધુ હતુ. હિંમત કરીને જયાબેન સ્થાનિક પોલીસ પાસે ગઈ તો હડધૂત કરીને તેણીને સાંભળવામાં જ ન આવી. ત્રણ-ચાર ધક્કા ખાધા છતાં કોઈ પોલીસ તેણીની દયનીય હાલતને સમજવા તૈયાર ન થઈ. મનોમન ઘુંટાઈ રહેલી જયા ઘરે ટીવી જોઈ રહી હતી તે દરમ્યાન ગાંધીનગર રેન્જ આઈ.જી. શમશેરસિંઘે તાજેતરમાં કરેલો સેન્સેટાઈઝેશનનો કાર્યક્રમ ટીવીમાં પ્રસારીત થયો. મહિલાઓના ગુનાઓ માટે ગાંધીનગર પોલીસ વ્યવસ્થિત કાર્યવાહી કરશે તેમ માનીને તેણીએ ગાંધીનગર આવવા વિચારી લીધુ. તક મળતા જ જયાબેન બનાસકાંઠાથી નીકળી ગયા અને બસ, જીપ અને રીક્ષા બદલી-બદલીને પથિકાશ્રમ આવી પહોંચી હતી. પથિકાશ્રમ આવીને તેણીએ રિક્ષાવાળાને ઉભો રાખીને ગાંધીનગર પોલીસ સ્ટેશન ક્યાં ? તેમ પુછતા નજીકમાં સે. ૭ પોલીસ સ્ટેશન હોવાથી રિક્ષાવાળો તેણીને ત્યાં લઈ ગયો હતો. જમાદાર કાળાભાઈ મગનભાઈને પરિણીતા મળી અને તેણીની સ્થિતિ વિશે જાણ કરતાં જમાદારે ચા-નાસ્તો કરાવી સાંત્વના આપીને સાસરીયાઓ વિરૂદ્ધ ફરીયાદ લઈ બનાસકાંઠાની પોલીસને શૂન્ય નંબરથી મોકલી આપી છે. મહિલા પોલીસના રક્ષણ સાથે તેણીને ઘરે બનાસકાંઠા મુકી જવાનું કહેતા તેણીએ ડરના માર્યા સાસરે જવાની ના પાડી દીધી હતી. જેથી વચ્ચેનો રસ્તો નીકાળી પરિણીતાને ગાંધીનગરમાં સ્થિત નારી સંરક્ષણ ગૃહમાં મોકલી પોલીસની કામગીરી પરથી ઉઠી ગયેલા વિશ્વાસને પુનઃ પુરવાનું કામ સે. ૭ પોલીસના જમાદારે કર્યું હતું.

સે-૫માં રહેતી યુવતી એક અઠવાડિયાથી લાપતા

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરના સેકટર-૫-એ પ્લોટ નં. ૧૩૫૧/૧માં રહેતા બિપીનચંદ્ર પોપટલાલ પટેલની ૨૦ વર્ષીય પુત્રી ખુશ્બુ ૯મી ફેબ્રુઆરીના રોજ ઘરેથી કોઈને કંઈ કહ્યા વિના ક્યાંક ચાલી ગઈ હતી. તેણીનો આજ દિન સુધી કોઈ પત્તો લાગ્યો નથી. શરીરે પાતળા બાંધાની, રંગે ઘઉં વર્ણી અને ગોળ મોઢું ધરાવતી ખુશ્બુએ તે દિવસે શરીરે આસમાની રંગનો પંજાબી ડ્રેસ પહેર્યો હતો. પરિવારજનોએ કરેલી શોધખોળ બાદ પણ તેણીના સગડ ન મળતાં સે-૭ પોલીસનો સંપર્ક કરી પિતાએ દિકરીના ગુમ થયા અંગેની જાણવા જોગ અરજી આપતા પોલીસે શોધખોળ શરુ કરી છે.

કેન્સરના નિદાન માટે ગાયનેક કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા. ૧૭

જિલ્લા એન.સી.ડી. સેલ ગાંધીનગર દ્વારા કેન્સરનાં નિદાન માટે ગાયનેક કેમ્પનું ગાંધીનગર જિલ્લાના સાંપો, અરાડા, માણસા, છાલા, સાદરા અને રૂપાલ ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

જિલ્લા એન.સી.ડી. સેલ દ્વારા સ્ત્રી રોગ નિષ્ણાંત ગાયનેક કેમ્પ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સાંપા ખાતે સવારે ૯ કલાકે યોજાઈ ગયો. તા. ૧૮મી ફેબ્રુઆરીએ ચરાડા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સવારે ૯ કલાકે, ૨૦મીએ માણસા સામુહિક આરોગ્યે કેન્દ્રમાં તથા ૨૨મીએ છાલા સામુહિક આરોગ્ય કેન્દ્રમાં તથા ૨૫મીએ સાદરા સામુહિક આરોગ્ય કેન્દ્રમાં તથા તા. ૨૭મીએ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર રૂપાલમાં સવારે ૯ કલાકે ગાયનેક કેમ્પ યોજાશે. કેમ્પ માટે રજીસ્ટ્રેશન અગાઉથી સ્થળ ઉપર કરાવવું જરૂરી છે. આ અંગેની જરૂરી જાણકારી વસંત શ્રીમાળી પ્રોગ્રામ આસીસ્ટન્ટ, જિલ્લા એન.સી.ડી. સેલ, ગાંધીનગરને મો. નં. ૯૦૯૯૯૫૨૫૮૫ પર સંપર્ક કરવાથી મળી શકશે.

આજે રામકથામાં રામ જન્મોત્સવનું આયોજન

ગાંધીનગરના સેક્ટર-૨૪માં સત્યમ, શિવમ એપાર્ટમેન્ટ ચોકમાં સંજય ભારતી ગોસ્વામીની વ્યાસપીઠે રામકથાનું આયોજન થયું છે. જે અંતર્ગત મહિલા ગોપી મંડળ અને કિશ્ના બાળ મંડળ દ્વારા શિવ વિવાહનું દ્વિતીય દિને ભવ્ય આયોજન થયું હતું. આજે રામકથામાં રામ જન્મોત્સવ યોજાશે. નગરના ભકતજનોને કથા શ્રવણ કરવા ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

આજે રૂદ્રાભિષેક મંડળના સભ્યોની બેઠક મળશે

લઘુરૂદ્રાભિષેક મંડળ, ગાંધીનગરના ઉપક્રમે આગામી મહાશિવરાત્રિ પ્રસંગે પાઠાત્મક મહારૂદ્રાભિષેકના આયોજન અંગે વિચારણા માટે આજે તા. ૧૮મી ફેબ્રુઆરી-૨૦૧૩ને સોમવારે સાંજે ૫ કલાકે શ્રી પંચદેવ મદંર, સેક્ટર-૨૨, ગાંધીનગર ખાતે મંડળના સભ્યોની સામાન્ય સભા યોજાશે. જેમાં સર્વે સભ્યોને ઉપસ્થિત રહેવા મંડળના પ્રમુખ રવીન્દ્રભાઈ દવેએ જણાવ્યું છે.

ઈસનપુર મોટા ખાતે મતદાન મથક પર મતદારોનો ભારે ઉત્સાહ

ચિલોડા, તા. ૧૭

ગાંધીનગર તાલુકા પંચાયતની રસાકસીભરી ચૂંટણી જંગમાં ૧૦, ઈસનપુરા મોટાની બેઠક પર ભાજપ તથા કોંગ્રેસના ઉમેદવારો વચ્ચે સીધી સ્પર્ધામાં આજે યોજાયેલ મતદાનમાં ઈસનપુર મોટાના ત્રણ બુથ પર સવારથી મતદારોની લાંબી કતારો થતાં વિક્રમજનક મતદાનમાં કુલ ૨૯૫૬ મતદારોમાંથી ૨૩૭૨ મતદારોએ ભારે ઉત્સાહભેર મતદાન કરી રાજકીય રસિકોમાં હાર-જીતના દાવાઓ કરતા મુકી દીધા હતા. ઈસનપુર મોટાની બેઠક પર ગામના બંને ઉમેદવારોમાં ભાજપ તરફથી ગિરીશભાઈ પટેલ તથા કોંગ્રેસ પક્ષે જ્યોત્સનાબેન રાઠોડે ઝંપલાવ્યું હતું. પરિણામે આ ઉમેદવારો એક જ ગામના હોવાથી વધુ મતદાન આંક વટાવવા ખરાખરીનો જંગ મંડાતાં કાર્યકરોમાં ભારે અનેરો ઉત્સાહ વર્તાઈ રહ્યો હતો. કાર્યકરો તથા સમર્થકોએ સવારથી સાંજ સુધી અવિરત મતદારોને મતદાન કરાવવા અથાગ પ્રયત્નો આદરતાં મતદાનનો આંક ૮૦.૨૫ ટકા સુધી પહોંચતા ચૂંટણી રસિકોમાં તરહ તરહની ચર્ચા થવા પામી હતી. આ બેઠક પર ૧૦.૩૦ વાગ્યા સમયમાં ગામના ચોક નજીક મતદાન મથક તથા એકબીજા ગામમાં લગ્નનો માહોલ જામતાં જાનનું પ્રસ્થાન થતાં સમગ્ર ગામ ચૂંટણી

પહેલા મતદાન પછી લગ્ન

ઈસનપુર મોટા ખાતે બ્રાહ્મણ પરિવારમાં લગ્ન પ્રસંગ હોવાથી ગામમાં વાજતે ગાજતે જાન પ્રસ્થાન થયું હતું. પરિણામે ચૂંટણી અને લગ્ન માહોલમાં સંગીતના સુરો રેલાતાં અનેરો ઉત્સવ જણાતો હતો. આમ ગામમાં લગ્ન પ્રસંગમાં નિલમબેનના લગ્ન હોવાથી તેમના પરિવારજનો, સ્નેહિજનોએ શણગારેલ લગ્ન મંડપમાં થોડી ક્ષણોમાં લગ્ન થવાના હતા તેણીએ પહેલા મતદાન કરવા બુથ પર આવી મતદાન કરી પોતાની ફરજ અદા કરવામાં મશગુલ બન્યા હતા.

આ ઉપરાંત ચિલોડા ખાતેના મતદાન મથક રૂમ નં. ૨ માં મોકપોલ કરતી વખતે ઈ.વી.એમ. મશીનમાં સહેજ ખામી સર્જાતા ૧૦ થી ૧૫ મિનિટ સુધી સમય મતદાન અટકી પડ્યું હતું. ત્યારબાદ ઈવીએમ ફરીથી કાર્યવાહી આરંભતા ચાલુ થતાં ચિંતા હળવી બની હતી. આમ છતાં ઈસનપુર મોટા ખાતે ઉંચુ મતદાન તથા ચિલોડા ખાતે મધ્યમ મતદાન થતાં પક્ષીય કાર્યકરોમાં હાર-જીત અંગેના સમીકરણો માંડી રહ્યા હતા. તથા લગ્નમહોત્સવમાં ખુશાલી જણાઈ હતી. જ્યારે ઈસનપુર મોટા મતદાન મથકે પક્ષના કાર્યકરો મતદાન મથકે મતદારોને લાવવા ખાનગી વાહનો તથા સહ સાથીદાર તરીકે કામગીરીમાં ભારે વ્યસ્ત બનતાં થોડી ક્ષણ માટે કાર્યકરો વચ્ચે નજીવી બોલાચાલી થતાં ટોળેટોળા ઉમટી પડતાં પોલીસે નાગરિકોને મતદાન મથકથી દૂર કરવા કડક સૂચના આપી ખસેડવાની ફરજ પડી હતી. જ્યારે બે પોલીસમેનને ત્યાંથી અન્ય સ્થળે ફરજ પર લઈ જવાયા હતા. આ બેઠક પર ઈસનપુર મોટા ગામે મોટી ઉંમરના મતદારો મતદાનનો ઉપયોગ કરે તેવા હેતુથી કાર્યકરોએ બધી શક્તિઓનો ઉપયોગ કર્યો હતો.

જ્યારે ચિલોડા ગામના મતદાન મથક પર સવારથી સાંજ સુધી ધીમી ગતિએ મતદાન થયું હતું. જેમાં ચિલોડા ગામનો એક પણ ઉમેદવાર ચૂંટણી જંગમાં ન હોવાથી માત્ર બંને પક્ષોના કાર્યકરો દ્વારા મતદાન કરાવવા દોડદામ આદરી હતી. તેમ છતાં ચિલોડાના ત્રણ બુથ પરના મતદાનમાં કુલ ૨૯૧૯ માંથી ૧૭૧૫ મતદારોએ પોતાના મતનો ઉપયોગ કર્યો હતો. જેની ટકાવારી માત્ર ૫૮.૭૫ રહેવા પામી હતી. પરિણામે બંને પક્ષના કાર્યકરોમાં સહેજ નિરાશા વ્યાપી હતી.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૪

સૂર્યાસ્ત : ૬.૨૫

તાપમાન

મહત્તમ : ૨૬.૫ ડિ.સે.

લઘુત્તમ : ૧૦.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૬ ટકા ● સાંજે ૩૮ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

એબીસીડીઃ ઍની બોડી કૅન ડાન્સ (૩ડી) : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

મર્ડર-૩ : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :

મર્ડર : ૧૦.૪૫

સ્પેશયલ-૨૬ : ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૪ :

સ્પેશ્યલ -૨૬ : ૧૦.૦૦, ૩.૧૫, ૯.૧૫

જયંતાભાઈ કી લવ સ્ટોરી : ૧૨.૪૫, ૬.૧૫

સૂર્યા, વાવોલ

મર્ડર -૩ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

જયંતાભાઈ કી લવ સ્ટોરી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

મર્ડર-૩ : ૧૦.૪૫, ૧.૦૦, ૩.૧૫, ૫.૩૦, ૭.૪૫, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

જયંતાભાઈ કી લવ સ્ટોરી : ૧૦.૪૫, ૧.૧૫, ૪.૧૫, ૧૦.૧૫

સ્પેશ્યલ -૨૬ : ૭.૧૫

: સ્ક્રીન-૩ :

સ્પેશ્યલ- ૨૬ : ૧૦.૩૦, ૧.૦૦, ૧૦.૦૦

એબીસીડીઃ ઍની બોડી કૅન ડાન્સ : ૪.૦૦, ૭.૦૦

થિરાગ, કલોલ

મર્ડર-૩ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ટાઉન હોલ

- આઈશ્રી ખોડિયાર માતાજીના પ્રાગટ્ય દિન નિમિત્તે શક્તિ વંદના કાર્યક્રમ રાત્રે ૯.૦૦ કલાકે.

ધાર્મિક

- સેકટર-૫માં આવેલ આઈશ્રી ખોડિયાર મંદિર ખાતે આઠમો માતાજીનો પ્રાગટ્ય દિન ઉજવાશે. જેમાં સવારે ૯.૦૦ કલાકે માતાજીનો યજ્ઞ યોજાશે. સાંજે ૪.૦૦ કલાકે શ્રીફળ હોમવામાં આવશે. સાંજે ૬.૩૦ કલાકે મહાઆરતી યોજાશે.
- ભાવનાબા વિક્રમસિંહ ગોલના નિવાસ સ્થાન પ્લોટ નં. ૧૬૬/૨, સેકટર-૧/બી ખાતે સાંજે ૭.૦૦ કલાકે ભાવનાબેન ગોકલાણી દ્વારા આનંદનો ગરબો.

આપની આજ

મેષ : વ્યવસાયિક યોજનાઓમાં સફળતા મળશે. મનોનુકૂળ કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક ક્ષેત્રમાં વિવાદિત કાર્યોનો હલ કરવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકે છે. મિત્રો સાથે સમય પસાર થઈ શકે છે.

વૃષભ : આવકના સ્ત્રોતોથી લાભ પ્રાપ્તિનો યોગ. વ્યાપારિક વર્ગ માટે લાભ મેળવવાનો ઉત્તમ સમય છે. અમુકૂલ પરિણામ માટે સક્રિયતા અને નિશ્ચિંતતા આવશ્યક છે. સામાજિક ક્ષેત્રના પ્રકરણ સમાપ્ત થશે. ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થશે.

મિથુન : સારા લોકો સાથએ મુલાકાત થઈ શકે છે. જે તમારા હિતચિંતક રહેશે. વિશિષ્ટ ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યોના આયોજનો થઈ શકશે. સામાજિક સમસ્યાઓમાં સહયોગ પ્રાપ્ત કરવો પડશે. આર્થિક કાર્યો માટે વિશેષ યાત્રાઓ થઈ શકે છે.

કર્ક : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો પણ ઉકેલ થશે. કૌટુંબીજનોના સાથ સહકાર- પ્રેમથી મન પ્રસન્નતા પ્રાપ્ત થશે. મિત્રોનાં સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના વધે છે.

સિંહ : શુભ સમાચાર પ્રાપ્ત થશે. આપે ધારેલા કાર્યો પૂર્ણ થઈ શકશે. શારીરિક સુખ પ્રાપ્તિનો યોગ. સામાજિક અને રાજકીય ક્ષેત્રમાં પદ-પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે. આપના દ્વારા થયેલ સંચિત ધનમાં વૃદ્ધિ થઈ શકે છે.

કન્યા : પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. આજે નવા સંબંધો બંધાઈ શકે છે. સત્સંગ થઈ શકે છે. ઉપરી અધિકારીઓ દ્વારા આપના પર કાર્યભાર વધી શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

તુલા : વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થવાનો યોગ. અટવાયેલા કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થઈ શકે છે. ધ્યાન, ગહન શોધ, જ્ઞાન, ગુપ્ત જ્ઞાન સંબંધી કાર્યોમાં તમે જોડાઈ શકો છો.

વૃશ્ચિક : પ્રતિસ્પર્ધામાં વિજય થશે. સામાજિક અને ધાર્મિક કાર્યોથી તમને યશ અને સન્માન પ્રાપ્ત થઈ શકશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકશે. આરોગ્ય પ્રત્યે બેદરકારી ન રાખવી. નવા વાહનની ખરીદી થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થશે.

ધન : આપ પોતાની બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વિકાસ સાધી શકશો. સાહસનો લાભ થશે. હિતશત્રુઓ દ્વારા હાનિ થવાની સંભાવના રહેલ છે. કોર્ટ -કચેરીના કેસોમાં આપને સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

મકર : વ્યાપાર સારો ચાલશે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. આરોગ્ય સંબંધી ચિંતા દૂર થશે. રોજગારીક્ષેત્રમાં નવા રસ્તાઓ તમને મળી શકે છે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે.

કુંભ : અટકેલા કાર્યો સમય પર પૂરા થશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ થશે. આપને નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. ઉચ્ચસ્તરીયે આપને પ્રતિષ્ઠા અને માન- સમ્માન પ્રાપ્ત થઈ શકે છે.

મીન : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધાર્મિક કાર્યોમાં તરફ પ્રેરાશો. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી હિતાવહ રહેશે. સામાજિક અને રાજકારણ ક્ષેત્રમાં માન- પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે.